# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

(https://gpssb.gujarat.gov.in)

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન,

સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

હેલ્પલાઇન નંબર:-૦૭૯-૨૩૨૫૮૫૬૩

## :ઉમેદવારો માટે ખાસ સૂચના:-

મંડળ દ્વારા જાહેરાત ક્રમાંક:૧૨/૨૦૨૧-૨૨ જુનીયર કલાર્ક (વહીવટ/હિસાબ) સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ સંવર્ગની વિગતવાર જાહેરાતના પેરા-૧૧ની જોગવાઇ મુજબ એવા ઉમેદવારો કે જેમણે એક કરતા વધું સંખ્યામાં આ જ જાહેરાત હેઠળ ઓનલાઇન અરજી કરેલ છે, તેવા ઉમેદવારોની આવી અરજીઓ પૈકી સૌથી છેલ્લી અરજી માન્ય રાખી, બાકીની અરજીઓ ડુપ્લીકેટ ગણી મંડળ દ્વારા 'રદ' (Reject) કરવામાં આવેલ છે. આવી રીતે ડુપ્લીકેશનના કારણસર 'રદ' (Reject) થયેલ અરજીઓની યાદી મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે, જેની સંબંધિત ઉમેદવારે નોંધ લેવી.

વધુમાં આ રીતે છેલ્લી અરજી માન્ય રખાયેલ હોઈ, તે અરજીના કંન્ફર્મેશન નંબર આધારે જ ઉમેદવાર પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવાના સમયગાળા દરમ્યાન પોતાનો કોલલેટર ડાઉનલોડ કરી શકશે, અને કોલલેટરની પ્રીન્ટ મેળવી શકશે. કોલલેટર ડાઉનલોડ કરવાનો સમયગાળો મંડળ દ્વારા હવે પછી જાહેર કરવામાં આવશે.

"મંડળના આદેશાનુસાર"

તા.૨૪/03/૨૦૨૨ સચિવ